"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE
an initiative for organ donation

રેફ નં.

તંત્રી શ્રી, ______________________________

તા: ૨૭/૦૨/૨૦૧૬
સુરત

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ,

આપનો વિશ્વાસુ,

નિલેશ વિ. માંડલેવાલા, પ્રમુખ

---

## શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજના બ્રેનડેડ હિરેન ગોહિલના અંગોનું પરિવારજનોએ દાન કરાવ્યું જેનાથી ત્રણ વ્યક્તિઓને નવું જીવન અને બે વ્યક્તિને નવી દ્રષ્ટિ મળી.

નામ : હિરેન જયંતીભાઈ ગોહિલ ઉ. વ.૨૩ બ્લડ ગ્રુપ:A+ (વ્યવસાય :કડીયાકામ)

રહેવાસી : ૫૨, હસ્તીનાપુર સોસાયટી, લંબે હનુમાન રોડ, વરાછા, સુરત.

મૂળ રહેવાસી : ગામ: બાલંભા, તાલુકો: જોડીયા, જીલ્લો: જામનગર.

કૌટુંબિક વિગત : પિતા : જયંતીભાઈ લવજીભાઈ ગોહિલ ઉ. વ.૫૫ (વ્યવસાય : કડીયાકામ )

માતા : રંજનબેન જયંતીભાઈ ગોહિલ ઉ. વ. ૫૦

ભાઈ : ભાવિક જયંતીભાઈ ગોહિલ ઉ.વ ૧૮ ( મજુરાગેટ પાસે આવેલ આઈ. ટી. આઈ. કોલેજમાં ઈલેક્ટ્રીકસના પહેલા સેમેસ્ટરમાં અભ્યાસ)

બેન: ૧. દિપીકાબેન કલ્પેશભાઈ ચોટલીયા ઉ. વ. ૨૮

૨.હેતલબેન મીતેશભાઈ જાવિયા ઉ.વ.૨૪

બનાવની વિગત:

ગુરુવાર તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ હિરેન જયંતીભાઈ ગોહિલ સાંજે ૪:૦૦ કલાકે એરપોર્ટની સામે આવેલ એક બિલ્ડીંગમાં ટાઈલ્સ લગાડવાનું કામ કરી રહ્યા હતા તે વખતે અચાનક બેલેન્સ ગુમાવતા ૩૫ ફુટ ઉપરથી નીચે પડી જતા માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી અને તેઓ બેભાન થઇ ગયા હતા. તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં સાંજે ૫:૦૦ કલાકે કેર હોસ્પિટલમાં ડૉ. દિવ્યાંગ ભટ્ટની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. માથામાં ગંભીર ઈજાઓ થઇ હોવાથી તેના નિદાન માટે સી. ટી. સ્કેન કરતા બ્રેઈન હેમરેજ હોવાનું માલુમ પડ્યું અને મગજના બધા જ ભાગમાં ઈજાઓ થઇ હોવાનું નિદાન થયું હતું.

શુક્રવાર તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા અને ન્યુરોફીઝીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરાએ તેમને બ્રેનડેડ જાહેર કર્યા.

૨...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE
an Initiative for organ donation



ડૉ. નીતિન માનાણીએ ડોનેટ લાઇફ ના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનિક સંપર્ક કરી હિરેનના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

નીલેશ માંડલેવાલાએ હોસ્પિટલ પહોચી ડૉ. દિવ્યાંગ ભટ્ટ અને કાંતિભાઈ ગાંગાણી ની સાથે રહી હિરેનના પરિવારજનોને અંગદાનની પ્રવૃતિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.

હિરેનની માતા શ્રીમતિ રેજનબેન, પિતાશ્રી જયંતીભાઈ, બેન દિપીકા અને હેતલ, જીજાજી કલ્પેશ અને મીતેશ, ભાઈ ભાવીક, મામા રમણભાઈ, સમાજના અગ્રણી કાંતિભાઈ ગાંગાણી તેમજ પરિવારના અન્ય સભ્યોએ જણાવ્યુ કે "જ્યારે આમારું સ્વજન બ્રેનડેડ થઈ ચુક્યું છે, તેમનું મૃત્યુ નિશ્ચિત જ છે અને શરીર બળીને રાખ થઇ જાય તેના કરતા તેઓના અંગોનું દાન કરીને કિડની અને લીવર ફેલ્યોરના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો."

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું, જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયા એ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી બન્ને કિડની પૈકી એક કિડની ઉત્તર પ્રદેશ લખનૌના પી. કે. શ્રીવાસ્તવ ઉ.વ. ૫૦ માં, જ્યારે બીજી કિડની સુરત ની રહેવાસી તેજલ નવીનભાઈ પરમાર ઉ. વ. ૨૧ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર અમદાવાદના ગીરીશભાઈ પુજારા ઉ.વ. ૪૯ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ જમાલ રીઝવી,
ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં હિરેન ની માતા શ્રીમતિ રેજનબેન, પિતા શ્રી જયંતીભાઈ, મામા રમણભાઈ, ભાઈ ભાવિક, બેન દિપીકા અને હેતલ, જીજાજી કલ્પેશ અને મીતેશ, કાકા કાંતિભાઈ અને દિનેશભાઈ, સમાજના અગ્રણી કાંતિભાઈ ગાંગાણી, ડૉ. નીતિન માનાણી, વિજયભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા, ન્યુરોફીઝીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરા, સર્જન ડૉ. દિવ્યાંગ ભટ્ટ, ઇન્ટેન્સીવીસ્ટ ડૉ. તાહુર મીર, કેર હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૪૧ કિડની, ૪૫ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૨ હૃદય અને ૧૧૬ ચક્ષુઓનો દાન મેળવીને ૩૦૭ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.